પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૧૦૩ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૧૨-૨૦૨૩ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ગુજરાત સરકારે આપી 'વાઈન એન્ડ ડાઈન' ફેસિલિટી, કર્મચારી અને માલિકોને મળશે લિકર એક્સેસ પરમિટ

# ગિફ્ટ સિટીમાં હવે દારૂ પીવાની છૂટ

ગાંધીનગર,

ગાંધીનગરમાં બનાવેલું ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક્સ સિટી (ગિફ્ટ સિટી) ભારતનું સૌપ્રથમ સ્માર્ટસિટી છે. ત્યારે ગિફ્ટ સિટીમાં કામ કરતા કર્મચારીઓ અને અધિકારીઓ તેમજ ગિફ્ટ સિટીની અધિકૃત રીતે મુલાકાતે આવતા મુલાકાતીઓને ગુજરાત સરકાર દ્વારા લિકરના સેવન માટે મુક્તિ આપવામાં આવી છે.



રાજ્ય સરકારના નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ ટેક સિટી (ગિફ્ટ સિટી)એ ગ્લોબલ ફાઈનાન્શિયલ અને ટેક્નોલોજીનું હબ છે, જે આર્થિક ગતિવિધિઓથી ધમધમે છે. ગ્લોબલ ઈન્વેસ્ટર, ટેક્નિકલ એક્સપર્ટ તેમજ ગિફ્ટ સિટીની આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરની કંપનીઓ માટે ગ્લોબલ બિઝનેસ ઈકોસિસ્ટમ પ્રોવાઈડ કરવાના હેતુથી સમગ્ર ગિફ્ટ સિટી વિસ્તારમાં 'વાઈન એન્ડ ડાઈન' ફેસિલિટી ઉપલબ્ધ કરાવવા માટે પ્રોહિબિશનના નિયમોમાં ફેરફાર કરવા ઉચ્ચ કક્ષાએ મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

આ છૂટછાટ મુજબ સમગ્ર ગિફ્ટ સિટીમાં કામ કરતા તમામ કર્મચારી, માલિકોને લિકર એક્સેસ પરમિટ આપવામાં આવશે, જેના દ્વારા તેઓ આવી 'વાઈન એન્ડ ડાઈન' આપતી ગિફ્ટ સિટીની હોટલ્સ, રેસ્ટોરાં ક્લબમાં લિકરનું સેવન કરી શકશે. આ સિવાય દરેક કંપની, જેને ઓથોરાઈઝ કેર તેવા મુલાકાતીઓને પણ ટેમ્પરરી પરમિટથી આવી હોટલ્સ, રેસ્ટોરાં, ક્લબમાં જે–તે કંપનીના કાયમી કર્મચારીઓની હાજરીમાં લિકરનું સેવન કરવા દેવાની જોગવાઈ કરવામાં આવી છે.

ગિફ્ટ સિટીમાં હોટલ્સ, રેસ્ટોરાં, ક્લબ પોતાને ત્યાં વાઈન એન્ડ ડાઈન ફેસિલિટી, એટલે કે એફ.એલ.૩ પરવાના મેળવી શકશે. ગિફ્ટ સિટીમાં અધિકૃત રીતે કામ કરતા કર્મચારીઓ અને અધિકૃત રીતે મુલાકાત લેતા મુલાકાતીઓ હોટલ, ક્લબ, રેસ્ટોરાંમાં લિકરનું સેવન કરી શકશે, પરંતુ હોટલ, ક્લબ કે રેસ્ટોરાંમાંથી લિકરની બોટલનું વેચાણ કરી શકશે નહીં.

સમગ્ર પ્રક્રિયામાં ગુજરાત રાજ્ય નશાબંધી અને અકબારી વિભાગ ગિફ્ટ સિટી ખાતે આવેલા ત્રFL૩ પરવાના ધરાવતી હોટલ્સ, રેસ્ટોરાં અને ક્લબ દ્વારા કરવામાં આવતી લિકરની આયાત, સંગ્રહ અને એના દ્વારા પીરસવામાં આવતા લિકર અંગે દેખરેખ તેમજ નિયંત્રણની કામગીરી કરશે.

ગિફ્ટ સિટીમાં દારૂ બંધીની છૂટ મામલે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે, અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે આપણું ગુજરાત, મહાત્મા ગાંધીના ગુજરાતમાં દારૂ બંધીને પાછલા બારણે છટૂ આપવા જે પરેવી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે તેનાથી હું વ્યથિત છું. દારૂ બંધી છે તેના કારણે ગુજરાતનો વિકાસ અને શાંતિ એખલાસ છે. રાત્રે બે કે ત્રણ વાગ્યે એક દીકરી દાંડીયા રાસમાંથી નવરાત્રિ દરમિયાન એકલી સ્કૂટર કે રીક્ષામાં બેસીને ઘરે જઈ શકે છે. બહારથી ઉદ્યોગપતિઓ આવીને ઉદ્યોગ નાખે છે કારણે કે, જાણે છે કે, મજૂર દારૂના અવડા રસ્તે નહીં જાય. કારીગર, કામદાર કે મહેનત કરનાર વ્યક્તિ અવડા રસ્તે નહીં જાય અને આઉટપુટ સારો મળશે. કોંગ્રેસની સરકારમાં આખા દેશમાં સૌથી વધારે કાગળ પરના એમઓયુ નહીં, સાચું મુડી રોકાણ કોઈ એક રાજ્યમાં સૌથી વધુ આવ્યું હોય તો તે ગુજરાત હતું. એ ૧૯૯૨નો સમય ક્યારે ન ભૂલી શકાય.

એશિયાની સૌથી મોટી બે રીફાઈનરી એસઆર અને રિલાયન્સ જામનગરમાં આવી. જનરલ મોટર્સનું કારખાનું આવ્યું. આખું એક મોટું ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર બન્યું. ગિફ્ટ સિટી... જે શહેરનું નામ મહાત્મા ગાંધી સાથે જોડાયેલું છે. એ ગાંધીનગરમાં ગિફ્ટ સિટીમાં દારૂ પીવાની છૂટ. ત્યાં રેસિડેન્શિયલ એરિયા પણ છે. કોઈ માણસ દારૂ પીને પકડાય તો કહી દે કે હું ગિફ્ટ સિટીમાંથી આવું છું એટલે છૂટ. આખા ગુજરાતમાં પોલીસના હપ્તા રાજથી હલકી કક્ષાનો અથવા બહારથી આવેલો દારૂ બેફામ વેચાય છે. તેને કંટ્રોલ કરવો જોઈએ. આ હપ્તા પદ્ધતિ બંધ થવી જોઈએ. ગુજરાતનો યુવાન એની બુદ્ધિમત્તા, એનું કૌશલ્ય એ અમેરિકા, ઈંગ્લેન્ડ કે આફ્રિકામાં જઈને ત્યાંના લોકો કરતા વધુ પ્રભાવશાળી બનીને પ્રસ્થાપિત થયો હોય અને મોટેલનો માલિક બને છે. આ બુદ્ધિમત્તા ગુજરાતના યુવાનની છે. એને તમે દારૂના રવાડે ચડાવીને દારૂની છૂટ આપીને કઈ દિશામાં દઈ જવા માગો છો. ગિફ્ટ સિટીમાં દારૂની છૂટ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેને મુલતવી રાખવામાં આવે.

# ગુજરાત પવનના સૂસવાટા વચ્ચે ઠંડીમાં ઠૂંઠવાયું, સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૧.૪ ડિગ્રી

અમદાવાદ,

ગુજરાતમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ગગડ્યુ છે. આ સાથે લઘુત્તમ તાપમાન સાથે મહત્તમ તાપમાન પણ ઘટ્યું છે. વિગતો મુજબ ૧૪ શહેરોનું તાપમાન ૧૭ ડિગ્રીથી નીચે નોંધાયું છે. જેમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૧.૪ ડિગ્રી નોંધાયું છે. મહત્વનું છે કે, હવામાન વિભાગે પણ આગાહી કરી છે કે, ૩ દિવસ બાદ તાપમાનનો પારો ૧ થી ૨ ડિગ્રી ગગડશે. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૧.૪ ડિગ્રી નોંધાયું છે. આ સાથે અમદાવાદ ૧૬.૭ ડિગ્રી, ગાંધીનગર ૧૫.૫ ડિગ્રી, રાજકોટ ૧૪.૬ ડિગ્રી, સુરેન્દ્રનગર ૧૫.૨ ડિગ્રી, વડોદરા ૧૬.૨ ડિગ્રી, ભુજ ૧૪.૫ ડિગ્રી, કંડલા ૧૪.૪ ડિગ્રી, અમરેલી ૧૬.૦ ડિગ્રી, ભાવનગર ૧૭.૪ ડિગ્રી, પોરબંદર ૧૭.૩ ડિગ્રી, ડીસા ૧૪.૨ ડિગ્રી , વલ્લભવિદ્યાનગર ૧૫.૫ ડિગ્રી, કેશોદ ૧૫.૯ ડિગ્રી, મહુવા ૧૭.૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ આવતીકાલથી તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી ઘટી શકે છે. આ સાથે પૂર્વ ઉત્તર પૂર્વના પવનો હોવાથી તાપમાન ઘટશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ.મનોરમા મોહંતીએ આગાહી કરી છે કે, ૩ દિવસ બાદ તાપમાનનો પારો ૧ થી ૨ ડિગ્રી ગગડશે. આ સાથે તેમણે કહ્યું કે, હાલ રાજ્યમાં મહત્તમ તાપમાન પણ ઘટી રહ્યું છે. રાજ્યમાં આગામી ૫ દિવસ વાતાવરણ સુક્કુ રહશે, આગામી ૪૮ કલાક વાદળછાયું વાતાવરણ રહેશે. મહત્વનું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી નોંધાયું છે. પૂર્વ ઉત્તર પૂર્વ પવનો હોવાથી વાદળછાયું વાતાવરણ રહેશે. રાજ્યમાં ફરી એકવાર ઠંડીને લઈ હવામાન વિભાગની આગાહી સામે આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ.મનોરમા મોહંતીએ રાજ્યમાં ઠંડીને લઈ આગાહી કરી છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં આગામી ૪ દિવસ વાતાવરણ સુક્કું રહેશે, આગામી ૨૪ કલાક વાદળછાયું વાતાવરણ રહેશે તો ૨ દિવસ બાદ તાપમાનનો પારો ૧ થી ૨ ડિગ્રી ગગડશે. સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૧.૪ ડિગ્રી આસપાસ રહશે. આ સાથે તેમણે કહ્યું કે, હાલ રાજ્યમાં મહત્તમ તાપમાન પણ ઘટી રહ્યું છે. રાજ્યમાં આગામી ૪ દિવસ વાતાવરણ સુક્કુ રહશે, આગામી ૨૪ કલાક વાદળછાયું વાતાવરણ રહેશે. મહત્વનું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી નોંધાયું છે. પૂર્વ ઉત્તર પૂર્વ પવનો હોવાથી વાદળછાયું વાતાવરણ રહેશે.

# ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ૨૬ જાન્યુઆરીએ ભારતના મહેમાન બનશે

નવીદિલ્હી,

ફ્રાન્સના રાષ્ટ્રપતિ આવતા વર્ષે ગણતંત્ર દિવસની ઉજવણીમાં ભારતના મહેમાન બની શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારત સરકારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને ગણતંત્ર દિવસ માટે આમંત્રણ મોકલ્યું છે. અગાઉ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનના આગમનના સમાચાર હતા પરંતુ પછી અચાનક સમાચાર આવ્યા કે અમેરિકી રાષ્ટ્રપતિ આ વખતે ગણતંત્ર દિવસની ઉજવણીમાં ભાગ લઈ શકશે નહીં. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વર્ષે ફ્રાન્સની



રાજધાની પેરિસમાં બેસ્ટિલ ડે પરેડમાં ભાગ લીધો હતો. પરેડ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ ગેસ્ટ ઓફ ઓનર બનાવવામાં આવ્યા હતા. જો ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ૨૬ જાન્યુઆરીએ ભારત આવશે તો તેઓ પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લેનારા છઠ્ઠા નેતા હશે. ૧૯૭૬ થી, ભારતે કુલ પાંચ વખત ફ્રાન્સના રાષ્ટ્રપતિને ગણતંત્ર દિવસ માટે આમંત્રણ આપ્યું છે. ૧૯૭૬ માં, ફ્રાન્સના વડાપ્રધાન જેક્સ શિરાક પ્રજાસત્તાક દિવસે હાજરી આપનાર પ્રથમ નેતા હતા. આ પછી, ૧૯૮૦માં ફ્રાન્સના રાષ્ટ્રપતિ વેલેરી ગિસકાર્ડ ડી'એસ્ટિંગ, ૧૯૯૮માં રાષ્ટ્રપતિ જેક્સ શિરાક, ૨૦૦૮માં રાષ્ટ્રપતિ નિકોલસ સરકોઝી અને ૨૦૧૬માં રાષ્ટ્રપતિ ફ્રાક્રોઈસ ઓલાંદે ભારતના પ્રજાસત્તાક દિવસે ભાગ લીધો હતો. ભારતે અત્યાર સુધીમાં તેના ગણતંત્ર દિવસ પર સૌથી વધુ ફ્રાન્સના નેતાઓને આમંત્રિત કર્યા છે. રાફેલ ડીલ ભારત અને ફ્રાન્સ વચ્ચેના મજબૂત સંબંધોની એક કડી છે. ભારત પાસે હાલમાં રાફેલનું એરફોર્સ વર્ઝન છે. ભારત સરકારે અત્યાર સુધીમાં ૩૬ રાફેલની ખરીદી કરી છે. તાજેતરમાં મીડિયા રિપોર્ટ્સમાં ભારતે કેટલાક વધુ રાફેલ ખરીદવા અંગે ચર્ચા કરી હતી. કોંગ્રેસ પાર્ટી પણ રાફેલ ખરીદીમાં ભ્રષ્ટાચારના આરોપો લગાવી રહી છે પરંતુ આ મામલો કોર્ટમાં ચાલી શક્યો નથી.



મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકાના રનેલા ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચતા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

વર્ષ-૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી ઉપરાંત વિકાસ યાત્રામાં છેવાડાના અંતિમ માનવી સુધી કેન્દ્ર અને રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવા માટે સમગ્ર દેશમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ભ્રમણ કરી રહી છે. ત્યારે સંતરામપુર તાલુકાના રનેલા ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આગમન થતા નાગરિકોએ રથને હર્ષભેર આવકાર્યો હતો. આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ સ્થળ પર તેમજ વિગતે વિવિધ યોજનાકીય માહિતી લોકોને આપવામાં આવી હતી.

ગ્રામજનો સુધી પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, આઈ.સી.ડી.એસ. સહિતની યોજનાઓના લાભ પાત્રતા ધરાવતા લાભાર્થી સુધી પહોંચાડવામાં આવ્યા હતા. મેરી કહાની-મેરી ઝુબાની અંતર્ગત પીએમ કિસાન સન્માન નિધિ, આઈસીડીએસની પોષણ યોજના સહિતની યોજનાઓના લાભાર્થીઓએ પોતાનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો અને સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ નાગરિકોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પ સંદેશને ડિજીટલ માધ્યમથી ગ્રામજનોએ નિહાળ્યો હતો. વંચિતો અને મહિલાઓ સહિતના લાભાર્થીઓને વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી વિવિધ યોજનાકીય લાભ પહોંચાડવામાં આવી રહ્યા છે. જીલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા આયોજીત હેલ્થ કેમ્પમાં ટીબી અને સિકલસેલ સહિત વિવિધ બિમારી અંગે લોકોએ આરોગ્યલક્ષી તપાસ કરાવી માર્ગદર્શન મેળવ્યું હતું. પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતુ ધરતી કહે પુકાર કે... નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ હરેશભઈ વળવાઈ, સંતરામપુર મામલતદાર આઈ. પી. પઠાન, વિવિધ પદાધિકારી, અધિકારીઓ, કર્મચારીઓ, ગામના સરપંચ, તલાટી ક્મ મંત્રી, તાલુકા પંચાયત તમામ સ્ટાફ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા જેથરીબોરના આંગણે પધારી



લુણાવાડા,

વિકસિત રાષ્ટ્રના નિર્માણનું પ્રથમ પગથિયું ગ્રામીણ વિકાસ છે. વડાપ્રધાને ગ્રામીણ વિકાસને પાયાથી મજબુત કરવા માટેના ચાર આધારસ્તંભ તરીકે મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને ગરીબ-મદયમવર્ગીય કુટુંબના વિકાસને ગણાવ્યું છે. આ ચાર આધારસ્તંભના સર્વાંગી વિકાસના ઉમદા આશય સાથે વિકસિત ભારત સંકલ્પ યાત્રા લુણાવાડા તાલુકાના કેળ ગ્રુપ ગ્રામ પંચાયતના જેથરીબોર ગામે પહોંચતા ગ્રામજનો દ્વારા વ્યાપક પ્રતિસાદ જોવા મળ્યો હતો.

જીલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલના અધ્યક્ષતામાં આયોજીત કાર્યક્રમમાં ગ્રામજનોએ સરકારની અનેકવિધ બહુમૂલ્ય યોજનાઓની ઝાંખી દર્શાવતી શોર્ટફિલ્મ સંકલ્પ રથના માધ્યમથી નિહાળી હતી. ઉપરાંત, ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણ માટે પોતાની સહભાગીદારી અદા કરવાના સામુહિક શપથ લીધા હતા. જીલ્લા વિકાસ અધિકારી, યાત્રા ઇન્ચાર્જ મુળજીભાઈ રાણા અગ્રણીઓ વિજયસિંહ, જસવંતસિંહ સહીત મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું.

અત્રે ઉલેખીય છે કે, જેથરીબોરના સ્થાનિક લાભાર્થીઓએ 'મેરી કહાની, મેરી જુબાની' થીમ હેઠળ પોતાના જીવનમાં યોજનાકીય લાભથી આવેલા પરિવર્તન અંગે પોતાની સફળ વાર્તા ગ્રામજનો સમક્ષ રજૂ કરી હતી. વધુમાં મિશન મંગલમની બહેનોએ નુક્કડ નાટકના મદદથી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતીને અપનાવવાનો પ્રેરક સંદેશો આપ્યો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ આરોગ્ય વિભાગ દ્વારા ઊભા કરાયેલા વિનામુલ્યે સારવાર કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. તેમજ આંગણવાડીની બહેનો દ્વારા મિલેટસમાંથી બનાવેલી વાનગીઓ, ફળ-શાકભાજી તેમજ હલકા ધાન્યની સમજ આપતા સ્ટોલ પરથી તેના મહત્વ અંગેની જાણકારી પુરી પાડી હતી. આ તબક્કે ઉપસ્થિત ધરતી પુત્રોને ડ્રોન દ્વારા ખેતીમાં કેવી રીતે દવાનો છંટકાવ કરી શકાય તે માટે ઉપસ્થિત ખેડૂતો ગ્રામજનોએ માહિતી મેળવી હતી. આ કાર્યક્રમમાં અગ્રણીઓ રત્નાભાઈ, ગીરવતસિંહ, સરપંચ ગ્રામ પંચાયતના સભ્યો, શાળા પરિવાર, ખેતીવાડી, આરોગ્ય, આઈસીડીએસ સહીત વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓ સહીત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત પૂર્ણાશક્તિનું મહત્વ અંગે પ્રતિભાવ રજૂ કરતી ભાનુબેન બારિયા



લુણાવાડા,

વિકસિત ભારત સંકલ્પ યાત્રા મહીસાગર જીલ્લાના ગામડાઓમાં ઠેર-ઠેર ભ્રમણ કરી રહી છે. ત્યારે મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત અનેક લાભાર્થીઓ પોતાના પ્રતિભાવો રજુ કરીને લોકોને કેન્દ્ર- રાજ્ય સરકારની અનેક યોજનાઓનો લાભ લેવા પ્રોત્સહિત કરી રહ્યા છે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં અનેક વિભાગોમાંથી લાભ લીધેલા લાભાર્થીઓ પોતાના અનુભવો જણાવી રહ્યા છે. ત્યારે આઈ. સી. ડી. એસ. વિભાગ દ્વારા કિશોરીઓને નિરોગી બનાવવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત મહીસાગર જીલ્લાની દરેક આંગણવાડી કેન્દ્રોમાં શાળાએ જતી અને ના જતી ૧૪ થી ૧૮ વર્ષની કિશોરીઓને પૂર્ણાશક્તિ પેકેટ આપવામાં આવે છે.

સંકલ્પ રથ યાત્રામાં પોતાના પ્રતિભાવો રજૂ કરતી કિશોરી ભાનુબેન બારિયાએ જણાવ્યું કે, સૌ પ્રથમ મારૂં લુણાવાડા તાલુકાના જેથરીબોર આંગણવાડી કેન્દ્રમાં હેલ્થ ચેકઅપમાં કરવા આવ્યું હતું. ત્યારબાદ મારી આંગણવાડીમા નોંધણી કરીને દર મહિને વજન, ઊંચાઈ અને હિમોગ્લોબિનની તપાસ કરવામાં આવે છે. સાથે આરોગ્યને લગતી પ્રાથમિક શિક્ષણ પણ પૂરૂં પાડવા આવે છે. દર મહિનાના ચોથા મંગળવારે પૂર્ણાશકિતના પેકેટ આપવામાં આવે છે. જેમાંથી સુખડી, શીરો, ઠેપલા, મુઠીયા જેવી વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી રોજેરોજ ઉપયોગમાં લઈને મારા હેલ્થની કાળજી રાખું છું. જેમાથી જરૂરી માત્રામાં કેલેરી અને પ્રોટીન મળી રહે છે. અને મારા પોષણસ્તરમાં પણ વધારો થયો છે. તે બદલ હું સરકારનો અને આંગણવાડી બહેનોનો આભાર માનું છું.

# ઠાસરાના કોટલીડોરા ગામે સીસી રસ્તામાં લેવલિંગના પ્રશ્ને સ્થાનિકોને હાલાકી

ડાકોર,

ઠાસરા તાલુકાના કોટલીડોરા ગામે બનાવેલા સીસી રસ્તામાં હલકી ગુણવત્તાના મટીરીયલ્સથી બનાવવમાં આવ્યો હોવાની અને લેવલિંગ પણ જાળવ્યુ નહિ હોવાના આક્ષેપો સ્થાનિકો ઉઠાવી રહ્યા છે ત્યારે રસ્તા બાબતે તપાસ કરી આગળની કાર્યવાહી કરાશે તેવુ તાલુકા પંચાયતના સત્તાવાળા જણાવી રહ્યા છે.

ઠાસરા તાલુકાના કોટલીડોર ગામે પંચાયત કચેરીની સામે સીસી રસ્તો બનાવવામાં આવ્યો છે. જે રસ્તાની ફરિયાદ ત્યાંના રહિશો દ્વારા કરવામાં આવી છે. આ રસ્તો ગ્રામ્ય કક્ષાના આયોજનમાં ૨૦૦ મીટર મંજુર કરવામાં આવ્યો છે. અને તાલુકાના આગેવાનો પંચાયત એગ્રીમેન્ટ કરી બનાવ્યો છે જે આશરે બે લાખ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે. આ રસ્તાના કામમાં હલકી ગુણવત્તાનુ મટીરીયલ્સ વાપરવામાં આવ્યુ હોવાની અને કોઈપણ લેવલિંગ વગર બનાવવામાં આવ્યો હોવાના આક્ષેપો સાથેની રજુઆતો તે ફળિયાના રહિશો કરી રહ્યા છે. રસ્તો બનાવનાર કોન્ટ્રાકટરને ત્યાંના રહિશોએ કામ ચાલુ હતુ ત્યારે પણ લેવલિંગ કરી પાણીનો નિકાલ યોગ્ય જગ્યાએ થાય તેમ જણાવ્યુ હતુ. પણ કોન્ટ્રાકટરે રજુઆતને ધ્યાને લીધા વગર કામ કરી નાંખ્યુ હોવાના આક્ષેપો રહિશો કરી રહ્યા છે. હાલમાં પણ ત્યાં પાણીનો નિકાલ થતો ન હોવાથી અવર જવર કરવામાં તકલીફ પડી રહી છે. આ બાબતે ઠાસરા તાલુકાના ઈન્ચાર્જ ઈન્જિનિયરે જણાવ્યુ હતુ કે, મારી પાસે બિલ હજુ આવ્યુ નથી અને રસ્તાની ફરિયાદ બાબતુ હું તપાસ કરીને આગળ કાર્યવાહી કરીશ.

# નડિયાદમાં સહિયારી મિલ્કત બાબતે ભત્રીજાને મારી નાંખવાની ધમકી

નડિયાદ,

નડિયાદના મરીડા ભાગોળ બારોટ વાસમાં સહીયારી મિલ્કતમાં બે શખ્સોએ એક વકીલને પોતાના કાકાને મંજુરી વગર બાંધકામ કરતા અટકાવવા નડિયાદ સિવિલ કોર્ટમાં રજુ કરેલ દાવો પાછો ખેંચી લેવા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે નડિયાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા પામી હતી.

નડિયાદની પ્રભુકૃપા સોસાયટીમાં રહેતા અને નડિયાદ કોર્ટમાં વકીલાત કરતા ભુપેન્દ્રભાઈ બાબુભાઈ બારોટના દાદાની મિલ્કત તેમના પિતા તથા કાકા તુલસીભાઈ નરસિંહભાઈ બારોટ તથા અશોકભાઈ નરસિંહભાઈ બારોટના સંયુકત નામે છે. આ મિલ્કત મરીડા ભાગોળ બારોટ વાસમાં સિટી સર્વે નં.-૮૬૭ જેનો ઘર નં.-૧૧૬૬ આવેલો છે. જે જર્જરિત હાલતમાં હોય સરકારી સહાય મળતી હોય જેનો લાભ લેવા જર્જરિત મકાનમાં ભુપેન્દ્રભાઈને રહેવાનુ અને પહેલા માળે કાકા તુલસીભાઈને અને બીજા માળે અશોકભાઈને રહેવા મિલ્કતની વહેંચણી કરી હતી. દરમિયાન તા.૮મી ડિસેમ્બરના રોજ સહીયારી મિલ્કતની વહેંચણી બાબતે કાકા અશોકભાઈ અને તેના દિકરા જતીને ભુપેન્દ્રભાઈને ફોન કરીને બાંધકામ નથી કરવાનુ તેમ કહી અપશબ્દો બોલી તાકાત હોય તો તુ આવ, તારા માટે ખંજર લઈને બેઠો છુ, તારુ ખુન કરી નાંખીશ, તને જમીનનો ટુકડો પણ નહિ મળે તેવી ધમકીઓ આપી હતી. બાદમાં તેઓ બારોટ વાસમમાં પહોંચ્યા ત્યારે કાકા અને તેમના દિકરાએ ભુપેન્દ્રભાઈને જોતા જ અપશબ્દો બોલવા લાગી મારવા ફરી વળ્યા હતા. આ અંગે નડિયાદ શહેર પોલીસ મથકે પિતા-પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પામી હતી.



શ્રી એલ.કે.આર.પટેલ સાર્વજનિક હાઈસ્કુલ ખાતે તાલુકાકક્ષાનો કલા મહાકુંભ યોજાયો. જેમાં મળતી માહીતી મુજબ ૧૨ સ્કુલના વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. ગામના સરપંચ અને હાઈસ્કૂલના આચાર્ય મુકેશભાઈ આ કાર્યક્રમને ખુલો મૂક્યો હતો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિદ્યાર્થીને પ્રોત્સાહિત કર્યા.



તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

અજગર દેખાયાની જાણ પર્યાવરણ પ્રેમી અરવલ્લી રેસ્કયુ ટીમના રાહુલભાઈને કરવામાં આવતાં રાહુલભાઈએ તેમની ટીમ સાથે પાડવાં ગામે પહોંચી જઈ અજગરને સફળતાપૂર્વક રેસ્કયુ કરી લેવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ અજગરની લંબાઈ દસ ફૂટ હતી. અજગરને તેના કુદરતી સુરક્ષિત સ્થાને છોડી દેવામાં આવ્યો હતો.

# લુણાવાડા બસ સ્ટેન્ડમાંથી દારૂના જથ્થા સાથે બે મહિલાઓ ઝડપાઈ

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના લુણાવાડા બસ સ્ટેશનમાંથી ૨૫ હજારના ઈંગ્લીશ દારૂ સાથે બે મહિલાઓને લુણાવાડા ટાઉન પોલીસે ઝડપી પાડી હતી. પંચમહાલ ગોધરા રેન્જ આઈ.જી.પી.તથા મહિસાગર પોલીસ અધિક્ષક તથા ના.પોલીસ અધિક્ષક દ્વારા દારૂ અને જુગારની પ્રવૃત્તિને નાબુદ કરવા આપેલા આદેશના આધારે લુણાવાડા ટાઉન પોલીસ પેટ્રોલિંગમાં હતી. પોલીસને બાતમીના આધારે લુણાવાડા બસ સ્ટેશનમાં બે મહિલાઓ વિદેશી દારૂ પોતાના પાસે રાખી બસ સ્ટેશનમાં હાજર છે. જે બાતમીના આધારે લુણાવાડા ટાઉન પોલીસે રેઈડ કરતા બે મહિલાઓ પોતાના પાસેના ત્રણ થેલામાં વિદેશી દારૂ અલગ અલગ બ્રાંડની વ્હિસિકીની બોટલો નંગ-૨૧૧ જેની કિ.રૂ.૨૫,૮૨૦ સાથે મળી આવતા પોલીસે એક મોબાઈલ રૂ.૫૦૦ મળી કુલ રૂ.૨૬૩૨૦નો મુદ્દામાલ જપ્ત કરી મહિલાઓને ઝડપી પાડી હતી. આ બનાવની લુણાવાડા ટાઉન પોલીસે વસીલબેન હરીશભાઈ માવી(રહે.વડવા, તળાવ ફળિયુ, તા.જિ.દાહોદ), અને ગંગાબેન રામસીંગભાઈ માવી(રહે.વડવા તળાવ ફળિયુ, તા.જિ.દાહોદ)આ બંને મહિલાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.



બાલાસિનોર તાલુકાના રૈયોલી (બાજાખાંટની વાવ) ગામે કોમન સર્વિસ સેન્ટર દ્વારા પતંજલિ કિસાન સેવા કેન્દ્ર, પતંજલિ દાણ અને સી.એસ.સી. ની ઓનલાઈન સર્વિસ લાઈટબીલ, પાનકાર્ડ, આધારકાર્ડ, જેવી વગેરે સેવાઓને વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યો.

# લુણાવાડા ખાતે કોંગ્રેસ દ્વારા ધરણા યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું

લુણાવાડા,

લુણાવાડા સરદાર ચોકમાં સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર ચઢાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સંસદગૃહમાં ૧૪૬ સાંસદોને સસ્પેન્ડ કરવાનાં મુદ્દે દેશભરમાં ઠેર ઠેર વિપક્ષ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

સાંસદના બન્ને ગૃહમાંથી ૧૪૬ સાંસદોને સસ્પેન્ડ કરાતા વિપક્ષ આવ્યું વ્હારે... મહીસાગર જીલ્લાના લુણાવાડા ચોક ખાતે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા ધરણા કાર્યક્રમ યોજાયો. સમગ્ર દેશભરમાં ઠેર ઠેર વિરોધનો વંટોળ ઉભો થયો છે. ત્યારે બન્ને સાંસદ ગૃહમાંથી આશરે ૧૪૬ જેટલા સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ત્યારે, વિપક્ષ દ્વારા સંવિધાન બચાવો લોકતંત્ર બચાવોના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. જેમાં ૧૨૨ વિધાનસભાના ધારાસભ્ય ગુલાબસિંહ, પૂર્વ ધારાસભ્ય જી.એમ.ડામોર, પંચમહાલ પૂર્વ પ્રમુખ પી.એમ.પટેલ, તેમજ પૂર્વ જીલ્લા પ્રમુખ એચ.એન.પટેલ, તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ પ્રતાસિંહ,પી.એન ચૌહાણ, પી.કે.ડામોર, બાબુભાઇ પંચાલ તેમજ એસ.સી.સેલના એલ.કે.વણકર, તેમજ શહેર પ્રમુખ દીપેશ પ્રજાપતિ, પૂર્વ મહિલા પ્રમુખ લતાબેન મછાર તેમજ કોંગ્રસ પક્ષના શનિષ્ટ કાર્યકરો તેમજ હોદ્દેદારો સહિતના વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા.

# ડાકોર નવા બ્રિજ પરથી સ્લેબનો ટુકડો ખળી પડતાં મટીરીયલના ગુણવત્તા સામે પ્રશ્ન

ડાકોર,

યાત્રાધામ ડાકોરમાં નવા બ્રિજની કામગીરી ચાલી રહેલ છે. જેમાં હવે ભ્રષ્ટાચારના પુરાવા સામે આવી રહ્યા છે. તાજેતરમાં બ્રિજ પર પાણીના નિકાલ માટે કાણુ પાડવામાં આવતા ક્રોકિંટનો ટુકડો જમીન પર આવી પડ્યો હતો. રહિશોએ આ ટુક્ડો લઈને હાથથી મસળતા ભુકકો થઈને રેતી સિમેન્ટ છુટો પડી ગયો હતો. રહિશોએ આક્ષેપ કર્યો છે કે, બ્રિજના કામમાં ઝીણી રેતી, નાની કપચી સહિત ગુણવત્તા વિનાનો માલ વપરાયો છે જેની તપાસ થવી જોઈએ. યાત્રાધામ ડાકોરમાં ૧૮ મહિનામાં બ્રિજની કામગીરી પુર્ણ કરવાની શરતે કામ શરૂ થયુ હતુ. પરંતુ આજે ૨૮ મહિના પુરા થયા બાદ પણ બ્રિજની કામગીરી ગોકળગતિએ ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન ઘણી વિસંગતતાઓ સામે આવી છે. પણ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ જાણ આંખે પાટા બાંધીને બેઠા હોય તેમ લાગી રહ્યુ છે. દરમિયાન તાજેતરમાં બ્રિજ પર પાણીના નિકાલ માટે પાડવામાં આવેલ હોલ દરમિયાન બ્રિજનો એક ટુકડો નીચે પડ્યો હતો. સ્થાનિકોએ કામગીરીની ચકાસણી કરવા ટુકડો ઉપાડ્યો હતો. પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ જ તેમાં હલકી ગુણવત્તાયુકત ચીજવસ્તુઓનો વપરાશ થયો હોવાનુ જોવા મળ્યુ હતુ. જે જોયા બાદ સ્થાનિકોએ જણાવ્યુ હતુ કે,આખુ સેમ્પલ હાથથી તોડી શકાય તેમ છે. આ સ્લેબ બને પાંચ મહિના ઉપર થઈ ગયા છતાં જો આ ગુણવત્તા હોય તો બ્રિજ બન્યા બાદ ૮૦ થી ૧૦૦ ટનના વાહનો અહિંથી નીકળે ત્યારે ગણતરીના દિવસોમાં બ્રિજની સ્થિતિ બદ્તર બની જશે.

## આપની આજ.......

મેષ : આજે તમારે સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી લેવાની જરૂર છે. બદલાતા હવામાનને કારણે આરોગ્ય બગડી શકે છે. ભોજનમાં જરા પણ બેદરકાર ના રહેશો. ધંધાની દ્રષ્ટિએ દિવસ સુખદ રહેશે.

વૃષભ : આજે તમારી રાશિમાં શુભ યોગની રચના થઈ રહી છે. મોડી સાંજ સુધીમાં લાંબા સમયથી બાકી રહેલી ડીલને અંતિમ સ્વરૂપ આપી શકાય છે. કાર્યક્ષેત્રમાં તમને વિશેષ માન મળી શકે છે.

મિથુન : જે લોકો કોઈ પ્રકારનાં સર્જનાત્મક કાર્ય સાથે સંકળાયેલા છે તેમના માટે આજનો દિવસ ખૂબ જ શુભ છે. આવા લોકોના પ્રોજેક્ટ્સ આજે સફળ થશે અને આજનો દિવસ ખૂબ રચનાત્મક રહેશે.

કર્ક : આજનો દિવસ તમને લાભ આપવા જઈ રહ્યો છે અને આજે તમારું મન નવી યોજનાઓમાં વ્યસ્ત રહેશે. આજે પરિવાર સાથે ધાર્મિક યાત્રા પર જવા માટે કોઈ યોજના બનાવી શકાય છે. પરંતુ, કોરોનાના નિયમોની અવગણના ના કરો. કાયદાકીય વિવાદમાં સફળતાના કારણે ખુશી થશે.

સિંહ : તમારી રાશિના જાતકો માટે આજનો દિવસ વ્યસ્ત બની શકે છે. આજે ધાર્મિક કાર્યમાં તમારી રુચિ વધશે અને તમે દાન આપવાનું વિચારી શકો છો. કાર્યસ્થળમાં વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં અવરોધ લાવવાનો પ્રયાસ કરી શકે છે, પરંતુ તમારી આવડતની સામે નહીં ટકે અને તમે સફળતાપૂર્વક તમારું કાર્ય પૂર્ણ કરશો.

કન્યા : આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને સફળતા મળશે. તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો આજે તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે થોડો સાવધાન રહેવાનો છે. એકબીજા સાથેની ક્રિયા-પ્રતિક્રિયામાં સાવચેત રહો. આજુબાજુના લોકો સાથેનો મુકાબલો ટાળો જે વધુ સારું રહેશે.

વૃશ્ચિક : આજે તમારી રાશિના જાતકો માટે સામાન્ય દિવસ છે. જો તમે તમારા જીવનસાથી સાથે કોઈ કામ કરી રહ્યા છો તો ફાયદાકારક રહેશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજની સુવર્ણ તક છે.

ધન : આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે વિશેષ દિવસ બની રહ્યો છે. જો તમે વ્યવસાયની બાબતમાં થોડું જોખમ લેશો તો મોટા નફાની અપેક્ષા છે. આજે તમારા પરિવારમાં સમૃદ્ધિ મળશે અને ભાગ્ય પણ તમને સાથ આપશે.

મકર : આજનો દિવસ તમારા માટે લાભકારક સાબિત થવાનો છે અને આજે તમારી બધી સમસ્યાઓ ઉકેલાશે. નવા પ્રોજેક્ટ પર કામ આજથી શરૂ થઈ શકે છે.

કુંભ : આજે તમને લાભ મળશે અને તમને દરેક કામમાં સફળતા મળશે. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને સારા વર્તનથી તમે સમસ્યાઓનું નિવારણ લાવશો.

મીન : વ્યાવસાયિક લોકો માટે આજનો દિવસ ખૂબ જ ખાસ બની શકે છે. નોકરી-ધંધાના ક્ષેત્રમાં આજે તમને ખાસ સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો રહેશે. સક્રિય રહો, સખત મહેનત કરો.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
જાહેર નિવિદા નં.૫ સને ૨૦૨૩-૨૪

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રી વત્તી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ગોધરા વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ ઈંડિયન રેડક્રોસ સોસાયટીની બાજુમાં, ગોધરા સિવિલ લાઇન, ગોધરા-૩૮૯૦૦૧ ટેલીફોન નં.૦૨૬૭૨-૨૪૮૪૦૦ની કચેરી દ્વારા વીજળીકરણના અ.નં.૧ થી ૬ ના કામ કે જેની અંદાજીત રકમ ત્રણ લાખ ત્યાંશી હજાર ચારસો ઈથ્યાશી પુરા સુધી છે. તે માટે રજીસ્ટર્ડ થયેલ ઈ-૨ અને ઉપરના વર્ગ તથા કામના નિષ્ણાંત પાસેથી સીલબંધ ટેન્ડર રજી. પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ થી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૨૯/૧૨/૨૦૨૩ સમય ૧૬:૦૦ કલાક સુધી આપવામાં આવશે, જયારે ભાવો ભરેલા સીલબંધ ટેન્ડર પરત લેવાની તા.૫/૧/૨૦૨૪ સમય ૧૬:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. આ કામોની વિગતવાર નોટીસ, નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. વધુ માહિતી માટે ઉપરોકત કચેરીના રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/ગોધરા/૭૨૫/૨૦૨૩

# ખાનપુર અને મોટાખાનપુર ગામે વિકસીત ભારત સંકલ્પ યાત્રાનું રથનું સ્વાગત કરાયું

ખાનપુર,

ખાનપુરના મોટા ખાનપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આ સહી થી મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના મોટા ખાનપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. જ્યાં બાલિકાઓ એ કુમકુમ તિલક કરી સમગ્ર ગ્રામજનોએ અદકેરૂ સ્વાગત કર્યું હતું. કાર્યક્રમ સ્થળે સરકારની કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપતા સ્ટોલ, હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનુભવોને હસ્તે લાભાર્થીઓને સહાય વિતરણ તથા ગામની સશક્ત કિશોરી તેજસ્વી વિદ્યાર્થીઓ, રમતવીર, સ્થાનિક કલાકારીગરને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી નો રજા જોગ વિકસિત ભારત સંકલ્પ અન્વયેનો રેકોર્ડ કરેલો સંદેશ સાંભળી લોક કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓના પ્રતિભાવો દર્શાવતી શોર્ટ ફિલ્મની નિહાળી હતી ઉપસ્થિત સૌ નાગરિકો એ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના પ્રમુખ બી.કે.પટેલ, જીલ્લા ભાજપા પ્રમુખ દશરથભાઈ બારીયા, ખાનપુર તાલુકા પંચાયતના પ્રમુખ રશ્મિકાબેન ડામોર, પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ માલીવાડ, સરપંચ નવીનભાઈ, ડે. સરપંચ વિનુભાઈ પંચાલ, ખાનપુર તાલુકા ભાજપા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મહામંત્રી કે.કે. ડામોર, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન કમળાબેન ચમાર, એપિએમસી ચેરમેન ભુલાભાઇ પટેલ, પંચામૃત ડેરીના ડિરેક્ટર હસમુખભાઈ પટેલ, જીલ્લા ભાજપા મંત્રી સી.એન.બારીયા, પટ્ટણ જીલ્લા પંચાયત સીટના સદસ્ય પ્રતિનિધિ અરવિંદભાઈ બારીયા, ટીડીઓ યજ્ઞેશભાઈ, તાલુકા પંચાયત સદસ્ય પ્રતિનિધિ મેણા દિનેશભાઈ બારીયા, નવાગામ વિક્રમભાઈ ડામોર, વાઢેલા બાબુભાઈ કટારા તલાટી અમિતભાઈ અને વિશાલ સંખ્યામાં પંચાયત વિસ્તારના આગેવાનો, વડીલો, બહેનો, યુવાનો તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## ઝાલોદ નગરમાં બે બાઈક સવાર દ્વારા મહિલાના ગળામાંથી ચેન ખેંચી ફરાર : મોટા ભાગના જાહેર રોડ પરના કેમેરા બંધ હાલતમાં

ઝાલોદ, તારીખ ૧૯-૧૨-૨૦૨૩ના રોજ નગરના મીઠાચોક વિસ્તારમાં રહેતા એવા બી.ઓ.બી બેંકના નિવૃત્ત કર્મચારી સીમાબેન કોઠારી પોતાના અંગત કામઅર્થે અંદાજીત બપોરના બે વાગ્યાના સમય દરમ્યાન પોતાના રહેઠાણ વિસ્તારમાંથી જતાં હતા. તે દરમિયાન બે બાઈક પર સવાર ચોરો દ્વારા મહિલાના ગળામાં પહેરેલ ચેન ખેંચી ફરાર થઈ ગયેલ હતા. લૂંટનો ભોગ બનેલ મહિલા કઈ સમજે તે પહેલા લૂંટારા ફરાર થઈ ગયેલ હતા. આજુબાજુ વિસ્તારમાં રહેતા લોકો તાત્કાલિક ઘટના સ્થળે ભેગા થઈ ગયેલ હતા અને ત્યારબાદ સહુ ભેગા થઈ આ ઘટનાની જાણકારી પોલીસ સ્ટેશનમાં આપવા ગયેલ હતા.

પોલીસ સ્ટેશનમાં આવી તાત્કાલિક નગરના લોકો દ્વારા સી.સી.ટી.વી કેમેરા જોવા કહેતા કેમેરા બંધ હાલતમાં જોવા મળેલ હતા. નગરમાં લોકમુખે ચર્ચા મુજબ નગરના સી.સી.ટી.વી કેમેરા કેટલાય સમયથી બંધ હાલતમાં જોવા મળી રહેલ છે. આ અંગે નગરના અગ્રણીઓ દ્વારા જવાબદાર અધિકારીઓને વારંવાર મૌખિક રજૂઆત કરવા છતાય કોઈ સાંભળવા તૈયાર ન હોય તેમ લાગી રહ્યું છે. નગરના જાહેર રોડ પરના કેમેરા બંધ હોવાથી ગુન્હાહિત પ્રવૃત્તિ ધરાવનાર બાઈક ચોરોને પકડવા પોલીસ માટે પણ મોટો પડકાર હોય તેમ લાગી રહ્યું છે. લૂંટ થયેલ વિસ્તારની નજીક જ પોલીસ પોઈન્ટ અને ડી.વાય.એસ.પી ઓફિસ કાર્યરત હોવા છતાય ગુનેગારોને પોલીસનો કોઈ ડર હોય તેમ લાગતું નથી અને બિંદાસ ચોરી કરી નાસી જઈ પોલીસને પડકાર ફેંક્યો હોય તેમ લાગી રહ્યું છે.

લૂંટના ભોગ બનેલ મહિલાની સપોર્ટમાં તાત્કાલિક પોલીસ દ્વારા નગરની પ્રાઈવેટ દુકાનોના બહારના કેમેરાની તપાસ કરવામાં આવી હતી. પ્રાઈવેટ દુકાન બહારના સી.સી.ટી.વી કેમેરાની તપાસ કરતા પોલીસને મહત્વની કડી મળેલ હતી તેના આધારે પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

લૂંટનો ભોગ બનેલ બેંકના નિવૃત્ત મહિલા કર્મચારી સીમાબેન કોઠારી દ્વારા બે અજાણ્યા બાઈક સવાર ચોરો પર કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ છે.

## દાહોદ નગીના મસ્જીદ પ્રકરણ કોર્ટમાં પેન્ડીંગ હોવા છતાં વહિવટી તંત્ર દ્વારા રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરતાં મુસ્લીમ સમાજે અટકાવી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ શહેરમાં બહુચર્ચિત નગીના મસ્જિદ પ્રકરણ હાલ નામદાર હોઈકોર્ટમાં પેન્ડિંગ છે. ત્યારે આજ નગીના મસ્જિદ થી અડીને આવેલી ખુલ્લી જમીનમાં વહીવટી તંત્ર દ્વારા બે દિવસ અગાઉ સ્માર્ટ રોડ અંતર્ગત રસ્તો પહોળો કરવાની શરૂ કરતા કેટલાક મુસ્લિમ સમાજના આગેવાનો સ્થળ પર આવી હાજર સંબંધિત વિભાગના અધિકારીઓને રસ્તો બનાવવાની કામગીરી અટકાવવા માટે રજુઆત કરી હતી અને જણાવ્યું હતુંકે, આ જમીન વક્ફ બોર્ડના નામે ચાલતી હોવાનું જણાવ્યું હતું. પરંતુ સંબંધિત તંત્ર દ્વારા કામગીરી ચાલુ રાખતા મુસ્લિમ સમાજના આગેવાનો જતા રહ્યા હતા અને બીજા દિવસે આ સમગ્ર મામલો ગુજરાતની નામદાર હાઈકોર્ટમાં પહોંચતા નામદાર હોઈકોર્ટે તારીખ ૦૨/૦૧/૨૦૨૪ સુધી યથાસ્તિથી જાળવી રાખવાનું જણાવતા હવે નગીના મસ્જિદની સાથે સાથે અડીને આવેલા સીટી સર્વે નંબર ૯૭૫/એ રેવન્યુ સર્વે નંબર ૭૪૫/એ જમીનમાં પણ હવે કોર્ટ મેટર બન્યું છે. જેના પગલે આગામી તારીખ સુધી યથાસ્તીથી જાળવી રાખવા કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવતા હવે આ બન્ને સર્વે નંબરોમાં આગળના સમયમાં કેવા પ્રકારની કામગીરી થાય છે. જેને લઈને તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડ્યું છે. વકફ બોર્ડ દ્વારા આ મામલાને હાઈકોર્ટમાં લઈ જતા હવે આ જગ્યા પર જયાં સુધી કોર્ટ દ્વારા કોઈ ચોક્કસ નિર્ણય ન આવે ત્યાં સુધી સ્માર્ટ રોડની કામગીરીમાં અડચણ ઉભી થતા હવે આ જગ્યા ઉપર યથાસ્તીથી બની રહેશે, તેમાં કોઈ બે મત નથી. ત્યારે આવનાર આપેલી તારીખ દરમિયાન હાઈકોર્ટ દ્વારા શું નિર્ણય કરવામાં આવશે, તેના ઉપર સૌ કોઈનું ધ્યાન કેન્દ્રિત થવા પામ્યું છે.

## ગુજરાતમાં દારૂબંધી સાર્થક ત્યારે થશે જયારે પકડાયેલા વિદેશી દારૂની બોટલો ઉપર દર છ માસે બુલડોઝર ફેરવવા માટે જોગવાઈ કયારે લવાશે !

દે.બારીયા, ગુજરાતમાં દારૂબંધીની વાતો માત્ર કાગળો પર દેખવા મળતી હોય છે. દાહોદ જીલ્લાના તમામ તાલુકાના મુખ્ય પોલીસ સ્ટેશનો તથા આઉટ પોલીસ ચોકીઓ તેમજ એલ.સી.બી.સાથે સ્ટેટ વિજીલન્સ વિભાગના કર્મીઓના દ્વારા પ્રોહિબીશનની રેડો પાડતા લાખ્ખોનું વિદેશી દારૂનો જથ્થો પકડાતો હોય છે. જેટલો દારૂ પીવાતો હોય છે. તેનો ડબલ જથ્થો પકડવામાં આવતો હોય છે. તેમાંથી સગેવગે થાય છે. પીવાય પણ છે. અમુક ખાલી બોટલોના ખોખા નાશ કરાતા હોય છે. ત્યાં દેખવા મળે છે. દારૂ નાશ કરવાની કાર્યવાહી ગુપ્ત કેમ રાખવામાં આવે છે. તે યક્ષ પ્રશ્ન છે ? તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે, થોડા વર્ષો અગાઉ દે.બારીયા તાલુકાના પીપલોદ આઉટ પોસ્ટ પોલીસ ચોકીની હદ માંથી ગાંધીનગરની ટીમે રેડ પાડી વિદેશી દારૂનો જથ્થો પીપલોદ પોલીસ ચોકી સુપ્રત કરાયો હતો. તે વિદેશી દારૂનો જથ્થો એલ.આર.ડી.ના પોલીસ વિભાગના કર્મીઓના દ્વારા સગેવગે કરાતો વાયરલ વિડીયો થતા તેમના ઉપર કાર્યવાહી પણ થઈ હતી. આવા તો કેટલાય બોક્સ સગેવગે થતા હશે. તમામ રેડ રાત્રીમાં પાડવામાં આવતી હોય છે. પકડાયેલા જથ્થા માંથી પોલીસની ખાનગી ફોરવ્હીલમાં વિદેશી દારૂ અડધો અડધ સગેવગે કરી નાખવામાં આવતો હોય છે. તેવું બુટલેગરોમાં ગણગણાટ સંભળાય છે. આ વાતમાં તથ્ય છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળો ઉપર છે ?

જેથી બોર્ડરની પોલીસ ચોકીમાં નિમણૂંક માટે ઓન બોલાતી હોય છે. આવા કર્મીઓની યાદી તૈયાર કરીને આયકર વિભાગ જાંચ કરે તો મોટા રહસ્યો બહાર આવે તો નવાઈ નહિ. તમામ જીલ્લા અને તાલુકાના પોલીસ સ્ટેશનોમાં કબજે કરાયેલો વિદેશી દારૂનો જથ્થો ૨૪X૭ પહેરામાં રાખવાની જોગવાઈ થવી જોઈએ. તેમજ સ્ટ્રોંગરૂમમાં સી.સી. કેમેરાની બાજ નજર હેઠળ રાખવામાં આવે અને કબ્જે લેવાયેલો દારૂનો જથ્થો દર છ માસના સમયની મર્યાદામાં નાશ કરવામાં આવે એવી જોગવાઈના નિયમો ઉપર સોચ વિચાર કરી અમલવારીમાં લાવવામાં આવે તો ગુજરાતમાં દારૂબંધીની માત્ર વાતો માત્ર કાગળો પર ચાલે છે. તેવા લાંછનો પર બ્રેક લાગશે. ગૃહ વિભાગના ઉચ્ચપદના અધિકારીઓ આ બાબતે સોચ વિચાર કરવાનો સમય આવી ગયો છે કે પછી ગાંધીના ગુજરાતમાં દારૂડીયા સરે આમ તમને લથડતા જોવા મળશે તે તો આવનારો સમય જ બતાવશે.

## ઝાલોદ તાલુકાના બંબેલા ગ્રામ પંચાયત ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો



દાહોદ, દરેક જરૂરિયાતમંદ નાગરિક સુધી સરકારની વિવિધ યોજનાના લાભો પહોંચાડી તેમને વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરી શકાય તેવા હેતુથી “વિકસિત ભારત સંકલ્પ યાત્રા” અંતર્ગત ગામોગામ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના બંબેલા ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો.

છેવાડાના માનવી સુધી યોજનાઓનો લાભ પહોંચતો ન હોય તો તેમના સુધી જઈને યોજનાનો લાભ અપાવવા માટે આ “વિકસિત ભારત સંકલ્પ યાત્રા” યોજવામાં આવી રહી છે. કોઈને આધારે રહેવું ન પડે અને તમામ નાગરિકો સ્વમાનભેર જીવન જીવી શકે અને આત્મનિર્ભર બને તે માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ દ્વારા સહાય પૂરી પાડવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ દ્વારા ખેડૂતોને ત્રણે વખત પાકના વાવેતર માટે મદદરૂપ થવા સહાય રકમ ત્રણ હપ્તામાં ખેડૂતોને સીધી તેમના ખાતામાં જમા આપવામાં આવે છે. ગરીબ પરિવારોને માંદગી કે અકસ્માત વખતે વ્યાજે પૈસા લેવા ન પડે કે કોઈ આગળ હાથ લંબાવવો ન પડે તે માટે આયુષ્માન કાર્ડ અંતર્ગત ૧૦ લાખ સુધીની નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવે છે. ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા જરૂરિયાતમંદોને વિના મૂલ્યે અનાજ પૂરૂં પાડવામાં આવી રહ્યું છે. બાળકીઓ અને ધાત્રી માતાઓના પોષણ માટે સરકાર પોષણ કીટ પૂરી પાડી રહી છે. આ ઉપરાંત આગેવાનો તેમજ અધિકારીઓને જરૂરિયાતમંદ લોકોને શોધી તેમને યોજનાઓનો લાભ અપાવવા અપીલ કરી હતી.

ગામની બાળકીઓ દ્વારા સ્વાગત નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું તેમજ બાળાઓએ પુષ્પ ગુચ્છથી મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. “વિકસિત ભારત સંકલ્પ યાત્રા” અંતર્ગત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત ખેતરમાં ડ્રોન નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્યઓ, ગામના સરપંચ સહિત અન્ય સંબંધિત અધિકારીઓ, ગામના આગેવાનો, શાળાના શિક્ષકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદ આરોગ્ય વિભાગના આશા ફેસીલીટર, આશાવર્કર અને સેવિકા દ્વારા પડતર માંગણીને લઈ રેલી યોજી

દાહોદ, દાહોદ જીલ્લાના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતાં કર્મચારીઓ જેવા કે, આશા ફેસીલીટર, આશા વર્કર તથા સ્ત્રી આરોગ્ય સેવિકા તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓ છેલ્લા ૧૦ વર્ષથી ફરજ બજાવતાં હોવા છતાંય નજીવો પગાર આપવામાં આવી રહ્યો હોવાના આક્ષેપો સાથે ગુજરાત જનરલ કામદાર એસોશીએશન દ્વારા આ મામલે આરોગ્ય વિભાગના કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવે તેવી માંગણી સાથે દાહોદ શહેરમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત જનરલ કામદાર એસોશીએશન દ્વારા દાહોદ પ્રાંત અધિકારીને આપવામાં આવેલ આવેદનત્રમાં જણાવ્યાં અનુસાર, દાહોદ જીલ્લામાં આરોગ્ય વિભાગમાં છેલ્લા ૧૦ વર્ષથી ફરજ બજાવતાં કર્મચારીઓ જેવા કે, આશા ફેસીલીટર, આશા વર્કર તથા સ્ત્રી આરોગ્ય સેવિકાઓને નજીવા પગાર આપી વધુ કામગીરી કરાવવામાં આવે છે. આવા કર્મચારીઓને આશા ફેસીટીલટરને માસિક ફીક્સ રૂા.૧૨,૦૦૦ આપવા તથા આશા વર્કર તથા સ્ત્રી આરોગ્ય સેવિકાઓને માસિક ફીક્સ રૂા.૮,૦૦૦ તથા કામગીરી પ્રમાણે વેતન આપવા રજુઆત કરવામાં આવી હતી. ત્યારે ગતરોજ કર્મચારીઓ દ્વારા દાહોદ શહેરમાં વિશાળ રેલી કાઢવામાં આવી હતી. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી અને સંબંધિત તંત્રને આ મામલે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## દે.બારીઆ ખાતે ચાર તાલુકાના M&D અને ડેટા ઓપરેટર માટે DQMS તાલીમ યોજાઇ ગઈ



દે.બારીયા, આજ રોજ તાલુકા આરોગ્ય કચેરી ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.ઉદયકુમાર તિલાવત અને જીલ્લાક્ષય અને એચ.આઈ.વી અધિકારી ડો.આર.ડી પહાડિયા ,તાલુકા આરોગ્ય અધિકારી કલ્પેશ બારીઆના અદયક્ષપણા હેઠળ તાલુકા આરોગ્ય કચેરી, દેવગઢ બારીયા ખાતે આજ રોજ DQMS ટ્રેનિંગ અંતર્ગત HIMS, HIV,VDRL,Hipetitis B C નિમિત્તે દેવ. બારીઆ, લીમખેડા, ધાનપુર,અને સિંગવડ એમ ત્રણ તાલુકાના M&D અને ડેટા ઓપરેટરની DQMS તાલીમ DAPCU, દાહોદ વિભાગના CSO અને Dist MD દ્વારા આપવામાં આવી. સમગ્ર તાલુકા આરોગ્ય કચેરીનો તમામ સ્ટાફ, ICTC, દેવ.બારીઆ કાઉન્સિલર અને લેબ ટેક, ICTC, ધાનપુરના કાઉન્સેલર અને લેબ ટેક હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

## ગરબાડાના સીમળીયા બુઝર્ગ ગામે ૪ પશુઓ ચોરી કરતાં ૫ પૈકી બેની અટકાયત કરી

દાહોદ, દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના સીમળીયાબુઝર્ગ ગામેથી પાંચ જેટલા ઈસમોએ ચાર પશુઓ કિંમત રૂા.૪૬,૦૦૦ની ચોરી કરતાં પોલીસે પાંચ પૈકી બેની અટકાયત કરી તેમજ ત્રણ ઈસમોને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૦મી ડિસેમ્બરના રોજ સીમળીયાબુઝર્ગ ગામે રહેતાં અજમલસિંહ ભારતસિંહ પરમારના ખુલ્લા ઝુપડાના ઢાળીયામાં રહેલ બે બેસો તથા બે નાના પાડા એમ ચાર પશુઓ જેની કુલ કિંમત રૂા.૪૬,૦૦૦ની દિલીપ ઉર્ફે દિનેશભાઈ રાયસીંગભાઈ બામણીયા (રહે. સાહડા, તા. ગરબાડા, જી. દાહોદ), જોરસીંગ ગલાલભાઈ મેડા, કાનજીભાઈ ચુનીયાભાઈ મેડા, નારસીંગભાઈ ગલાલભાઈ મેડા અને વિદેશભાઈ કાનજીભાઈ મેડા (ચારેય રહે. આગાવાડા, નવાપુરા ફળિયા, તા.જી. દાહોદ) નાઓએ એકબીજાની મદદગારી કરી અજમલસિંહના ચાર પશુઓની ચોરી કરી લઈ નાસી ગયાં હતાં. આ સંબંધે અજમલસિંહ ભારતસિંહ પરમારે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે પાંચ પૈકી દિલીપ ઉર્ફે દિનેશભાઈ રાયસીંગભાઈ બામણીયા અને જોરસીંગભાઈ ગલાલભાઈ મેડાની અટકાયત કરી હતી જ્યારે અન્ય ત્રણ ઈસમોને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કરી ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુરના ડુમકા ગામે ઘર માંથી ૨૭ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો

દાહોદ, દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના ડુંમકા ગામેથી એક રહેણાંક મકાનમાંથી પોલીસે રૂા.૨૭,૩૬૦નો વિદેશી દારૂ ઝડપી પાડ્યાંનું જ્યારે પોલીસને જોઈ મકાન માલિક નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૧મી ડિસેમ્બરના રોજ ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે ડુંમકા ગામે દુકાન ફળિયામાં રહેતા વિનોદભાઈ વજેસિંહ પસાયાના રહેણાંક મકાનમાં પોલીસે ઓચિંતી પ્રોડી રેડ પાડતાં પોલીસને જોઈ વિનોદભાઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેના રહેણાંક મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ. ૧૯૨ કિંમત રૂા. ૨૭,૩૬૦ના પ્રોહીનો પ્રોહી જથ્થો કબજે કરી આ સંબંધે ધાનપુર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ ખંગેલા પંચાયતના સરપંચ વિરૂદ્ધ સભ્યો દ્વારા અવિશ્વાસ દરખાસ્ત મુકાઈ

દાહોદ, દાહોદ તાલુકાની ખંગેલા ગ્રામ પંચાયતમાં સરપંચ વિરૂધ્ધ ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા અવિશ્વાસના પ્રસ્તાવની દરખાસ્ત મુકવામાં આવી છે. સભ્યો તેમજ જીલ્લા પંચાયતના સભ્યો દ્વારા સરપંચ વિરૂધ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ મુકી દરખાસ્ત મુકવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ખંગેલા ગ્રામ પંચાયતના સરપંચ મનુભાઈ વસનાભાઈ મેડા વિરૂધ્ધ ગ્રામ પંચાયતના સભ્યો તથા જીલ્લા પંચાયતના સભ્યો દ્વારા અવિશ્વાસનો પ્રસ્તાવ મુકી દરખાસ્ત મુકવામાં આવી છે. સભ્યો દ્વારા જણાવ્યાં અનુસાર, સરપંચ દ્વારા મનસ્વી રીતે વહીવટ કરવામાં આવે છે. સરપંચ દ્વારા ગેરવર્તુક પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ગામમાં કોઈ પ્રકારના વિકાસના કામો પણ કરવામાં આવ્યાં નથી. સભ્યોની જાણ બહાર સરપંચ દ્વારા કામગીરી કરવામાં આવે છે. સરપંચ દ્વારા સભ્યોને ધાકધમકી આપવામાં આવે છે. સરપંચ વિકાસના કામોમાં રસ ધરાવતો ન હોવાના પણ સભ્યો દ્વારા આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે. ગ્રામ સભાના એજન્ડા પણ બહાર પાડવામાં આવતાં નથી. આમ અનેક આક્ષેપો સાથે સભ્યો દ્વારા સરપંચ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત મુકવામાં આવી છે.

## સીંગવડના મછેલાઈ ગામના ૧ કરોડના વિકાસના કામોની ગ્રાન્ટના દુરૂપયોગનો આક્ષેપ

સીંગવડ, સીંગવડ તાલુકાના મછેલાઈ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અને સરપંચ દ્વારા અંદાજિત એક કરોડની ગ્રાન્ટ બારોબાર સગેવગે કરી સરકારી નાણાંનો દુરૂપયોગ કરાયો હોવાનુ મછેલાઈ ગ્રામ પંચાયતના ગ્રામજનોએ આક્ષેપો સાથે રાજયના મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં રજુઆત કરી તપાસની માંગ કરી છે.

મછેલાઈ ગામના નાગરિકોએ ઓનલાઈન વિગતો કાઢી કરેલી રજુઆત મુજબ રાજયના મુખ્યમંત્રીને સ્વાગત કાર્યક્રમ હેઠળ મછેલાઈ ગ્રુપ ગ્રામ પંચાયતમાં નાણાંપંચ અને એટીવિટી ગ્રાન્ટમાંથી ૮૮ જેટલા વિકાસલક્ષી યોજનાના કામો સરકારી ચોપડા પર બતાવી વિવિધ યોજનાઓમાં ગ્રાન્ટના ખોટા કામો કરી તપાસ કરવા તાલુકા વિકાસ અધિકારી સીંગવડને ૬/૧૨/૨૦૨૩ના રોજ મછેલાઈ ગામના ગ્રામજનોએ કેટલાય કામો માત્ર કાગળ પર બતાવી સરકારી ગ્રાન્ટ બારોબારી કરી દીધી હોવાનુ ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. જેમાં ધારાધોરણ નેવી મુકીને ગ્રામ પંચાયતના કેટલાક વિસ્તારોમાં ૩૦૦ ફુટના બદલે માત્ર ૧૦૦ થી ૨૦૦ ફુટના આરસીસી રોડ બનાવી બાકીના નાણાં ઉપાડી લીધા હોવાનુ પણ જણાવ્યુ છે. તો ગ્રામજનોએ કરેલી રજુઆતમાં આરસીસી રોડના-૨૯, બોર મોટરના કામ-૫, નાળાને ચેકડેમનુ કામ-૧, રિપેરીંગ કામ-૧, પેવરબ્લોકનુ કામ-૧, જાહેર શૌચાલય-૮, પાણી પુરવઠા-૧, મીની એલઆઈ-૮, હેન્ડપંપ-૪, બાંકડા-૧૫, સંરક્ષણ દિવાલ-૨, ખડિયત-૨, સાર્વજનિક બોર મોટર-૧, ચેકડેમ-૧, સામુહિક શૌચાલય-૧, એજ્યુકેશ ફંડ-૧, અમૃત સરોવર-૧, વહીવટી ખર્ચ-૧, શૌચાલયનુ કામ-૧ મળી કુલ ૨૧ કામોમાં ૮૮ જેટલી યોજનાઓ માત્ર કાગળ પર જ બતાવી છે.

## દાહોદ કોંગ્રેસ સમિતિ સંસદના બન્ને ગૃહ માંથી ૧૪૩ સાંસદના સસ્પેન્ડ કરવા મામલે ધરણાઓ યોજી વિરોધ કર્યો




દાહોદ, સંસદના બંન્ને ગૃહોમાંથી ૧૪૩ સાંસદોને સસ્પેડ કરવામાં આવતાં આ મામલે દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદ શહેરમાં ધરણા પ્રદર્શન યોજી ભારે વિરોધ નોંધાંવ્યો હતો.

સંસદના બંન્ને ગૃહોમાંથી ૧૪૩ જેટલા સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવતાં આ મામલે સમગ્ર દેશમાં વિરોધ પક્ષ દ્વારા શખ્ત શબ્દોમાં વખોડી કાઢી સરકાર સામે ભારે વિરોધ દર્શાવી રહ્યાં છે. ત્યારે દાહોદ શહેરમાં પણ દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદ નગરપાલિકા ચોક ખાતે કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા આ મામલે ભારે વિરોધ પ્રદર્શન કરી ધરણાં યોજ્યાં હતાં. સરકારની નિતિ રીતી સામે ભારે વિરોધ દર્શાવ્યો હતો. આ કાર્યક્રમમાં દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનો, મહિલા આગેવાનો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.

## ગરબાડામાં ખાણી-પીણી અને ફરસાણની દુકાનોમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે ચેકિંગ કર્યુ

ગરબાડા, ગરબાડામાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના ફુડ સેફટી ઈન્સ્પેક્ટર પી.એચ.સોલંકી દ્વારા નાસ્તા, ફરસાણ, ખાણી-પીણીની હોટલો, કરિયાણાની દુકાન પર ચેકિંગ હાથ ધરાયુ હતુ. ખાદ્ય વસ્તુઓના નમુના લેવાયા હતા. જેમાં સોનલ નાસ્તા હાઉસમાંથી રતલામી સેવના નમુના, આઈશ્રી ખોડિયાર નાસ્તા હાઉસમાંથી સકરપારા તેમજ મખોડિયા અલ્પેશભાઈને ત્યાંથી વેસનની ચટણી, ઈબ્રાહિમ કાપડીયાના ત્યાંથીધાણા તેમજ કપાસના તેલના નમુના અને ગરબાડા ૪ સરકારી અનાજ વિતરણ કેન્દ્ર પરથી મીઠું, ચણા અને તુવેરદાર તેમજ અસગરઅલી છલાવાલાના ત્યાંથી મરચાનો પાઉડરના નમુના લેવામાં આવ્યા હતા. સાથે સાથે ગરબાડામાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સર્વેલન્સ સેમ્પલ સાથે દુકાનદારોના લાયસન્સ પણ ચેક કરવામાં આવ્યા હતા.

## દાહોદથી ઈન્દોર જવા માટે માછલીયા ઘાટના નવા ફોરલેન પર ટ્રાફિક શરૂ કરાયો

દાહોદ, દાહોદથી ઈન્દૌર જવા માટે હવે સાંકડા પુલ અને ઘાટ સેકશન પર થતાં ટ્રાફિકજામ સાથે ખાડાવાળા રસ્તા સાથે અકસ્માતના ભય વચ્ચે મુસાફરી કરવાનો સમય ગુરૂવારથી પુર્ણ થઈ ગયો હતો. માછલીયા ઘાટ સેકશનમાં ફોરલેનનુ નિર્માણ પુર્ણ થયા બાદ વાહનવ્યવહાર શરૂ કરાયો હતો. ગુરૂવારે બપોરે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ઈન્દૌર પીઆઈયુના પ્રોજેકટ ડાયરેકટરની હાજરીમાં આવાગમન શરૂ કરાવ્યુ હતુ. નિર્માણકર્તા અધિકારીઓએ જણાવ્યુ હતુ કે, હાલમાં ટેસ્ટિંગરૂપે આવાગમન શરૂ કરાયુ છે. ટોલની કિંમતમાં કેટલો વધારો થશે તે કંપનીના અધિકારીઓને પણ ખબર નથી. કામગીરી દરમિયાન સૌથી વધુ મુશ્કેલી સાંકડા પુલ, સાંઈ મંદિરવાળા યુ-ટર્ન, ડુંગલા પાનીના આંધળા વળાંક પર આવી હતી. માછલીયામાં ઘાટ સેકશન ઉપર ૮૦૦ મીટરથી લાંબા મેજરબ્રિજ સ્ટ્રકચર છે. જેમાં કેટલાક ૧૭ મીટર સુધીના ઉંચા છે. નાના-મોટા મળીને ૫૨ પિલ્લર બનાવ્યા છે. માછલીયા સિવાય દતીગાંવથી રાજગઢ સુધી, ઝાબુઆ જિલ્લામાં ફુલમાલ ફાટા અને વાવડીવાળો બાકી ભાગ બનાવ્યો છે. માછલીયાના ૯ કર્વ સીધા થઈ ગયા છે.

## ફતેપુરાના બલૈયા સહિત ૬ જેટલા ગામોમાં સ્મશાનગૃહનો અભાવ

ફતેપુરા, ફતેપુરા તાલુકાના અનેક ગામડાઓમાં સ્મશાનગૃહ બનાવવામાં આવ્યા નથી. મહત્તમ સ્થળે નદીના તટે ખુલ્લામાં જ અંતિમ સંસ્કાર કરી નાંખવામાં આવે છે. જયારે કેટલીક જગ્યાએ અંતિમ સંસ્કાર માટે અવર જવરના રસ્તાઓ પણ નથી. પરંતુ આ બાબતે કોઈ ધ્યાન આપતુ નથી. ફતેપુરા તાલુકાના બલૈયા, મોટીરેલ, નાની-મોટી નાદુકણ, કંકાસીયા, બાવાની હાથોડ, જતનના મુવાડા, વગેરે ગામડાઓમાં મૃત વ્યકિતઓના અંતિમ સંસ્કાર માટે સ્મશાન ગૃહ બનાવવામાં આવ્યુ નથી. જોકે બલૈયા ગામ સહિત ઉપરોકત ગામડાઓમાં નોકરીયાત, વેપારીઓ, ખેડુતો, અને શ્રમિકો હજારોની સંખ્યામાં વસવાટ કરે છે. બલૈયાની સુકી નદી ખાતે જયાં જગ્યા મળે ત્યાં અંતિમ સંસ્કાર કરાય છે. અંતિમ સંસ્કાર ગૃહ તો ઠીક પરંતુ ડાઘુઓને અવર જવર માટે રસ્તા પણ સુવિધા નથી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.103

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# સરકારી અધિકારીઓની જાસુસીકાંડ : વેજલપુર પોલીસ દ્વારા વધુ ૧૮ ઈસમોની અટકાયત કરી

- ૧૮ ઈસમોની પોલીસે અટક કરાઈ.
- આ જાસુસીકાંડમાં અત્યાર સુધી ૩૫ ઈસમોની અટકાયત.
- લાકડા ચોરો દ્વારા વાહનો પાસ કરાવવા 'રંગીલું પંચમહાલ અને ફિર હેરા ફેરી' વોટસએપ ગૃપ ચલાવતા હતા.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં અધિકારીઓની જાસુસી અને લાઈવ લોકેશન ટ્રેસ મામલામાં ગોધરા પ્રાંત અધિકારી દ્વારા પકડાયેલ મોબાઈલમાં જાસુસીકાંડ સંકડાયેલ ૧૮ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી હતી.



પંચમહાલ જીલ્લામાં લાકડા ચોરો દ્વારા લાકડા ભરેલા વાહનો પાસ કરાવવા માટે વન વિભાગના અધિકારી અને કર્મચારીઓના જાસુસી કરવામાં આવતી હતી. લાકડા ચોરો દ્વારા ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓની જાસુસી માટે 'રંગીલું પંચમહાલ અને ફિર હેરા ફેરી' એવા બે વોટસએપ ગૃપ બનાવ્યા હતા. તેવું તપાસમાં ખુલવા પામ્યું છે. વેજલપુર પોલીસ દ્વારા ૧૮ ઈસમોની અટકાયત કરાઈ છે. સાથે બન્ને ગૃપમાં સંકડાયેલ ઈસમોની અટકાયતની કાર્યવાહી હાથ ધરી છે. જીલ્લાના અધિકારીઓની જાસુસીકાંડ અત્યાર સુધી ૩૫ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા છે.

તેવા ૧૮ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓના જાસુસીકાંડમાં અત્યાર સુધી પોલીસ દ્વારા ૩૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લામાં ખનિજ માફિયાઓ તેમજ લાકડા ચોરો દ્વારા મોટાપ્રમાણમાં ગેરકાયદેસર ખનિજ ખનન તેમજ લાકડા ચોરો દ્વારા લીલા વૃક્ષોનું નિકંદન કરીને લાકડાના વાહનો દ્વારા હેરાફેરી કરવામાં આવતી હોય ત્યારે ખનિજ માફિયાઓ તેમજ લાકડા ચોરો દ્વારા જીલ્લાના અધિકારીઓ તેમજ ફોરેસ્ટ વિભાગના અધિકારીઓના વાહનોના લાઈવ લોકેશન ટ્રેસ કરવામાં આવતા હતા અને મોબાઈલ ફોનમાં વોટસએપના માદયમથી ઓડીયો મેસેજની વોટસએપ ગૃપમાં અધિકારીઓના લોકેશનની જાણ કરાતી હતી. ગોધરા પ્રાંત અધિકારી દ્વારા ઈસમને ઝડપી તેનો મોબાઈલ કબ્જે લેવામાં આવ્યો હતો. મોબાઈલ તપાસમાં ખનિજ માફિયા અને લાકડા ચોરો દ્વારા અધિકારીઓની જાસુસી જાણકારી પહોંચાડતી હતી. વેજલપુર પોલીસ દ્વારા તપાસ કરતા જાસુસી કરતાં ઈસમો દ્વારા મોબાઈલ ફોનના વોટસએપમાં 'રંગીલુ પંચમહાલ અને ફિર હેરા ફેરી ' જેવા વોટસએપ ગૃપ બનાવ્યા હતા. આ બન્ને વોટસએપ ગૃપમાં લાકડા ચોરો દ્વારા ફોરેસ્ટ વિભાગ તેમજ જીલ્લાના અધિકારીઓના લાઈવ લોકેશન ટ્રેસ કરીને જાસુસી કરવામાં આવતી હતી. આ બન્ને વોટસએપ ગૃપ લાકડા ચોરો દ્વારા લાકડાના વાહનો પાસ બનાવવામાં આવ્યું હતું. વેજલપુર પોલીસ દ્વારા તપાસ કરતા જાસુસી કાંડમાં ૧૮ ઈસમોની અટકાયત કરવામાં આવી છે. અત્યાર સુધી અધિકારીઓના વાહનોના જાસુસીકાંડમાં પર્દાફાશ થયા બાદ ૩૫ જેટલા ઈસમોની અટકાયત કરાઈ છે સાથે વેજલપુર પોલીસ તપાસમાં જે બે વોટસએપ ગૃપ ' રંગીલુ પંચમહાલ અને ફિર હેરા ફેરી ' ગૃપમાં સંકડાયેલ તપાસ ઈસમોની અટકાયત કરવા માટે પોલીસ સઘન તપાસ કાર્યવાહી હાથ ધરી છે. જેને લઈ આવી પ્રવૃતિમાં સંકડાયેલ ઈસમોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિંઝોલ ખાતે Phdના કોર્સવર્કનો શુભારંભ

ગોધરા,

તાજેતરમાંજ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિંઝોલ ખાતે Phdના કોર્સવર્કનો શુભારંભ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સીટી, વિંઝોલ (ગોધરા) માં વિવિધ વિષયોની ડી.એ.આર.સી. તારીખ ૧૬ ડિસેમ્બરે સંપન્ન થતા પી.એચ.ડી. કોર્સમા પ્રવેશ માટે જુદા-જુદા ૧૭ વિષયોમાં કુલ ૧૬૪ છાત્રો ગુણવત્તાના આધારે પ્રવેશને પાત્ર ઠર્યા છે. આ તમામ છાત્રો માટે કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણના નિર્દેશ મુજબ યુ.જી.સી. ની ગાઈડલાઈન મુજબના કોર્સવર્કનો તારીખ ૧૮ ડિસેમ્બર ૨૦૨૩ થી યુનિવર્સીટી ભવન ખાતે શુભારંભ કરવામાં આવ્યો છે. ૩૦ દિવસો સુધી ચાલનારા આ કોર્સવર્કમાં ઉપસ્થિત તમામ છાત્રોને શોધકાર્યમાં ઉપયોગી એવા સંશોધન પદ્ધતિકરણ, સંશોધનનાં નૈતિક મૂલ્યો, સંશોધનમાં ટેકનોલોજીનો પ્રયોગ, વિષયક્ષેત્ર સંબંધી સંશોધન તાલીમ વગેરે વિશે તજજ્ઞ વિદ્વાનો સઘન માર્ગદર્શન આપશે. કોર્સવર્કના અંતે કસોટીમાં ઉતીર્ણ થનાર છાત્રોને શોધકાર્ય માટે માર્ગદર્શન ફાળવવામાં આવશે અને યુનિવર્સીટીમાં શોધાર્થી તરીકે પ્રવેશ આપવામાં આવશે.

# મોરવા(હ) નાટાપુર ગામે ત્રણ રસ્તા ઉપર બાઈક પાછળ બેઠેલ મહિલા પડી જતાં ગંભીર ઈજાઓ થતાં મોત

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામે સાલીયા સ્કુલની નજીક ત્રણ રસ્તા પાસે બાઈક ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી બાઈક પાછળ બેઠેલ મહિલાને પાડી નાખતાં ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ગુનો કર્યો. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામે સાલીયા સ્કુલ નજીક ત્રણ રસ્તા પાસેથી પસાર થતી બાઈક નં.જીજે.૧૭.બીવી.૦૨૦૨ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે હંકારતા હોય અને બાઈક પાછળ બેઠેલ લક્ષ્મીબેન ચીમનભાઈ બારીયાને બાઈક ઉપરથી નીચે પાડી દેતાં લક્ષ્મીબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરાના ભુરાવાવ સુભાષ જનરલ સ્ટોરમા જીલ્લા પુરવઠા અધિકારીએ ચેકીંગ કરી ૨૬ કટ્ટા સરકારી અનાજનો જથ્થો ઝડપ્યો

ગોધરા,

ગોધરા ભુરાવાવ વિસ્તારમાં આવેલ સુભાષ જનરલ સ્ટોર નામની દુકાનમાં જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા આકસ્મિક ચેકીંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન દુકાન માંથી ચોખા અને ઘઉંના ૨૬ કટ્ટા સરકારી અનાજનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. ખાનગી દુકાનમાં પુરવઠા અધિકારીએ સરકારી અનાજનો જથ્થો ઝડપી પાડતા સરકારી અનાજ સગેવગે કરતાં તત્વોમાં ફફડાટ જોવા મળ્યો છે.



પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા સરકારી સસ્તા અનાજની દુકાનો માંથી લાભાર્થી ગ્રાહકોના હકકનું અનાજ બારોબાર વેચી નાખી ગેરરીતિ આચરાતી હોય જેને લઈ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા તમામ તાલુકાઓની સરકારી સસ્તા અનાજની દુકાનો ઉપર દરોડા કરવામાં આવ્યા હતા અને સરકારી અનાજની ગંભીર ગેરરીતિ સામે આવતાં અનેક સરકારી દુકાન સંચાલકોના પરવાના કાયમી રદ કરવામાં આવ્યા હતા. જ્યારે કેટલાક સરકારી દુકાનના સંચાલકોને ત્યાંથી ગેરરીતિ જણાઈ આવતાં ૯૦ દિવસ માટે પરવાનો રદ કરવામાં આવ્યા હતા. જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ગરીબ લોકો માટે આવતાં અનાજનો જથ્થો બારોબાર વેચીને ગરીબ લોકોના મોંએથી કોળીયો છીણવી લેતાં ૮ ઈસમો વિરૂદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે ગોધરા શહેરના ભુરાવવા વિસ્તારમાં આવેલ સુભાષ જનરલ સ્ટોર નામની દુકાનમાં જીલ્લા પુરવઠા અધિકારીએ આકસ્મિક ચેકીંગ કરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન દુકાન માંથી સરકારી અનાજમાં ચોખા કટ્ટા નંગ-૧૬, અને ઘઉંના કટ્ટા નંગ-૧૦ મળી કુલ ૨૬ કટ્ટા સરકારી અનાજનો જથ્થો જપ્ત કરી દુકાનદાર રવિકુમાર ચંદ્રકાંત વિરવાણી વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા સરકારી સસ્તા અનાજની દુકાનોના સરકારી અનાજ રાખતા વેપારી સામે કાર્યવાહી કરવામાં આવતાં ગોધરામાં અન્ય દુકાનદારો જે સરકારી અનાજનો જથ્થો ખરીદતા હોય તેવા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# પંચમહાલ જીલ્લા કલેકટરએ હેરિટેજ વોકને પીળીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું, વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા હેરિટેજ વોકમાં કલેકટર સહિત અધિકારીઓ પણ જોડાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લા કલેકટર આશિષ કુમારના હસ્તે વર્લ્ડ હેરિટેજ સાઈટ, એક મિનાર કી મસ્જિદથી હેરિટેજ વોકને પીળીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. આજે પ્રથમ દિવસે પંચમહાલ જીલ્લાના ૨૦૦થી વધુ શાળાના વિદ્યાર્થીઓ હેરિટેજ વોકમાં જોડાયા હતા. આ હેરિટેજ વોકમાં કુલ ૧૦ અલગ અલગ વર્લ્ડ હેરિટેજ સ્મારકો ખાતે વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.વિદ્યાર્થીઓ સાથે જીલ્લા કલેક્ટર સહિત વિવિધ અધિકારીઓ પણ જોડાયા હતા તથા ઉપસ્થિતોને આ સ્મારકો અને તેના મહત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી.



એક મિનાર મસ્જિદથી લઈને વડા તળાવ-ટેન્ટ સિટી સુધી કુલ ૧૦ સ્થળો ખાતે અંદાજે ૬ કિલોમીટરની રેન્જમાં હેલિકેલ વાવ, સકર ખાનની દરગાહ, સિટી ગેટ, શહેર કી મસ્જિદ, ચાંપાનેર વર્લ્ડ હેરિટેજ સાઈટ, જામી મસ્જિદ, ચાંપાનેર, કમાની મસ્જિદ, કબૂતર ખાના પેવેલિયન સહિતના ઐતિહાસિક સ્થળો ખાતે હેરિટેજ વોકનો રૂટ નક્કી કરવામાં આવ્યો છે. ગાઈડની મદદથી પ્રવાસીઓને તમામ સ્મારકો અંગે અને સાંસ્કૃતિક વારસા અંગે માહિતી આપવામાં આવી હતી. દરરોજ લોકો આ હેરિટેજ વોકમાં જોડાવાના છે અને ગુજરાતની પ્રવાસન અને અણમોલ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવાના છે.

હેરિટેજ વોક પહેલા જીલ્લા કલેકટરએ ઉપસ્થિતોને ઐતિહાસિક સ્મારકો અને તેના મહત્વ વિશે જાણકારી આપી હતી. તેમણે ચાંપાનેરના ઈતિહાસ વિશે વાત કરી હતી તથા ગુજરાતની પ્રથમ એવી વર્લ્ડ હેરિટેજનો દરજ્જો ધરાવતી સાઈટ ચાંપાનેર ખાતે ૧૧૪ જેટલા અલગ અલગ સ્મારકોના ઈતિહાસને ઉજાગર કરવાના સરકારના પ્રયત્નો થકી પંચમહોત્સવ અંગે જાણકારી આપી હતી.

આ ઐતિહાસિક પ્રવાસન મથક ખાતે પ્રવાસન વિકાસની રહેલી ભરપૂર શક્યતાઓને જોતા, યોગ્ય પ્રચાર-પ્રસાર દ્વારા તેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધિ મળે તથા તેની આગવી વિશિષ્ટ ઓળખ પ્રવાસીઓને આપી શકાય તે હેતુસર વર્ષ ૨૦૧૫થી પ્રતિવર્ષ પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પંચમહોત્સવનું આયોજન કરવામાં આવે છે.ચાલુ વર્ષે ૨૫ થી ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન ઐતિહાસિક પ્રવાસન મથક અને ''વર્લ્ડ હેરિટેજ સાઈટ''પાવાગઢ-ચાંપાનેર સ્થિત હાલોલના વડા તળાવ ખાતે પંચમહોત્સવના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

આ હેરિટેજ વોકમાં હાલોલ પ્રાંત અધિકારી પ્રણવ વિઠ્ઠાણી,નાયબ માહિતી નિયામકપારૂલ મણિયાર, જીલ્લા ખેતીવાડી અધિકારી એમ.જી.પટેલ, હાલોલ મામલતદાર બી.એમ.જોશી સહિત વિવિધ અધિકારીઓ/કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.




